કારણ માત્ર એક જ પાણી મેળવવું

કાળઝાળ ગરમી વચ્ચે પુરુષો, મહિલાઓ, યુવાનો કરી રહ્યા છે શ્રમદાન

વર્ષોથી પાણીની મુશ્કેલી નિવારવા સ્થાનિકોએ લોકપ્રતિનિધિઓ સુધી રજૂઆત, આજીજી, પરંતુ પરિણામ શૂન્ય

કરોડોની અસ્ટોલ પાણી પુરવઠા યોજના આવી, વિચાર્યું હવે સમસ્યા દૂર થશે, પણ સ્વપ્ન તો સ્વપ્ન જ રહ્યું

ભગવાન પણ એમની સાથે હોઈ તેમ કૂવો ખોદતાં પાણી પણ નીકળ્યું

ચૂંટણી વચ્ચે નેતાઓ ફરી કપરાડા તાલુકામાં લક્ઝરી કારોમાં આવી ગામડાઓ ખૂંદી વિકાસની ગાથા વર્ણવશે ત્યારે બીજી તરફ લોકોનો પાણીનો પોકાર

સરકારે રજૂઆત નહીં સાંભળતા 35 ઘરના લોકો શ્રમદાન વડે કૂવો બનાવશે

વલસાડ : સમગ્ર દેશમાં લોકસભાની ચૂંટણીની ધૂમ મચી છે, નેતાઓ ફરી કપરાડા તાલુકામાં લક્ઝરી કારોમાં ગામડાઓ ખૂંદી વિકાસની ગાથાઓ વર્ણવી રહ્યા છે, ત્યારે બીજી તરફ એજ કપરાડા તાલુકાનું એક એવું ખડકવાળ ગામના વડમાલ નવા ફળિયાના કે જ્યાંના 35 ઘરના 200 થી વધુ લોકો 40 ડીગ્રીની કાળઝાળ ગરમીમાં પાણી મેળવવા શ્રમદાન થકી કૂવો બનાવી રહ્યા છે. કારણ માત્ર એક જ પાણી મેળવવું. છેલ્લા ઘણા વર્ષોથી પાણીની મુશ્કેલી નિવારવા સ્થાનિકોએ ગ્રામ પંચાયતથી લઈ તાલુકા પંચાયત અને લોકપ્રતિનિધિઓ સુધી રજૂઆતો કરી, આજીજી કરી, પરંતુ પરિણામ શૂન્ય. થોડા સમય અગાઉ કરોડો રૂપિયાની અસ્ટોલ પાણી પુરવઠા યોજના આવી, પાઇપ લાઇન ખોદવાનું શરુ થયું તો લોકોમાં ખુશી છવાઈ ગઈ. વિચાર્યું ચાલો હવે પાણીની સમસ્યા દૂર થશે, જોકે એમનું સ્વપ્ન તો સ્વપ્ન જ રહ્યું, એમના ફળિયા સુધી પાઇપ લાઇન જ ન આવી અને ફરી માર્ચ મહિનો શરૂ થયો, પાણી મેળવવાની લાંબી કવાયત શરૂ થઈ. જોકે આ વખતે ફળિયાવાસીઓએ નક્કી કર્યું કે સરકાર, રાજકીય પદાધિકારીઓ કે સરકારી તંત્ર પાણીની સુવિધા માટે કંઈ કરે કે ન કરે હવે આપણે જ કંઈક કરવું જોઈએ. જે માટે બેઠક થઈ, ચર્ચા થઈ અને નક્કી થયું કે કાયમી ધોરણે સમસ્યા દૂર કરવા ઊંડો કૂવો ખોદવો. જે માટે જ્યાં સુધી કૂવાનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી દરેક ઘરના લોકોએ કૂવો ખોદવાની કામગીરીમાં સહકાર આપવો. છેલ્લા થોડા દિવસોથી એપ્રિલ મહિનાની કાળઝાળ ગરમી વચ્ચે પુરુષો, મહિલાઓ અને યુવાનો સાથી હાથ બઢાનાના નારાઓ સાથે લોકો કૂવો ખોદવા શ્રમદાન કરી રહ્યા છે. ભગવાન પણ એમની સાથે હોઈ તેમ કૂવો ખોદતાં પાણી પણ નીકળ્યું છે, જેનાપગલે લોકોમાં ખુશી છવાઈ ગઈ છે. આમ ખડકવાલ ગામના લોકોએ સરકારી તંત્ર અને સ્થાનિક લોક પ્રતિનિધિઓની બોલતી બંધ કરી દીધી છે.

ન તો કૂવો બન્યો કે ન તો પાણી આવ્યું

સ્થાનિક પંચાયત સભ્યના પતિ રામદાસભાઈ કહે છે કે, 2017માં સરપંચ સાથે તાલુકા પંચાયતમાં અમારા વડમાળ નવા ફળિયામાં પાણી સમસ્યા દૂર કરવા ગયા હતા. ત્યારે તાલુકા વિકાસ અધિકારીએ જણાવ્યું કે કૂવો બની જશે, પાણી આવી જશે. જોકે 2024 આવી ગયું, ન તો કૂવો બન્યો કે ન તો પાણી આવ્યું. અસ્ટોલ યોજના શરૂ થઈ પણ અમારા ફળિયામાં પાઇપ લાઇન ન આવી. અગાઉ એક કૂવો બન્યો હતો, જે પણ ધસી ગયો હતો. જેથી છેલ્લા થોડા દિવસોથી ફળિયાના 35 ઘરના આશરે 200 લોકો એકબીજાના સહયોગથી કૂવો બનાવવાની કામગીરી કરી રહ્યા છે.

વલસાડથી ભાગેલી લઘુમતી યુવતીના પિતાની હેબિયસ કોર્પસની અરજી

હાઇકોર્ટે યુવતીને શોધવાનો હુકમ કરતા સિટી પોલીસે તેને અમદાવાદથી શોધી હાઇકોર્ટમાં રજૂ કરી

યુવતી અન્ય ધર્મના યુવાન સાથે મરજીથી ભાગી ગઇ હતી, ઇન્સ્ટાગ્રામના આધારે પોલીસે તેને શોધી કાઢી હતી

વલસાડ : વલસાડના મોગરાવાડી વિસ્તારમાં રહેતી એક યુવતી તેના વિસ્તારમાં રહેતા એક યુવાન સાથે ભાગી ગઇ હતી. આ અંગેની ગુમ જાણવાજોગ નોંધ વલસાડ સિટી પોલીસ મથકે થઇ હતી. જોકે, યુવતીનો પત્તો લાગ્યો ન હતો. પોલીસે પણ આ કેસને ગંભીરતાથી લીધો ન હતો. જેના કારણે યુવતીના પિતાએ આ અંગે પોતાની પુત્રીને મળવાનો હક હોવાની એક હેબિયસ કોર્પસની અરજી કરતાં હાઇકોર્ટે પોલીસને આ યુવતીને શોધી કાઢવા હુકમ કરતા પોલીસે તેને શોધી યુવતીને હાઇકોર્ટ સમક્ષ રજૂ કરી દીધા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ અંદાજીત 3 માસ અગાઉ વલસાડ મોગરાવાડીમાં રહેતી યુવતી ઘરેથી કોઇને કહ્યા વિના અન્ય ધર્મના યુવક સાથે લગ્ન કરવા માટે ભાગી ગઇ હતી. ત્યારબાદ તેની ગુમ થવાની ફરિયાદ વલસાડ સિટી પોલીસ મથકે થઇ હતી. જેની તપાસ કરવા છતાં તેનો પત્તો લાગ્યો ન હતો. ત્યારબાદ તેના પિતાએ પોતાની પુત્રીને મળવાનો હક હોય તેમણે આ અંગે ગુજરાત હાઇકોર્ટમાં હેબિયસ કોર્પસની અરજી દાખલ કરી હતી. જેની સુનાવણી બાદ હાઇકોર્ટે વલસાડ સિટી પોલીસને આ યુવતીને શોધી કાઢવા આદેશ કર્યો હતો. જેના પગલે આ કેસને ગંભીરતાથી લઇ વલસાડ સિટી પોલીસે તેણીને શોધવા આકાશ પાતાળ એક કરી દીધા હતા. જેમાં આ યુવતી ઇન્સ્ટાગ્રામ ચલાવતી હોય પોલીસે તેના આધારે તેણીને અમદાવાદથી શોધી કાઢી હતી અને પછી તેણીને હાઇ કોર્ટમાં રજૂ કરી હતી. ત્યારબાદ યુવતી હાઇકોર્ટમાંથી હાલ વલસાડમાં યુવકના ઘરે પરત થઇ ગઇ હોવાનું જાણવા મળ્યું છે.

ગુમ થયેલી અન્ય યુવતી પણ શોધી કાઢી

વલસાડ પોલીસે ગુમશુદાને શોધવા હાથ ધરેલા અભિયાન અંતર્ગત અન્ય એક યુવતીને પણ શોધી કાઢી છે. મુજબ મોગરાવાડીમાં રહેતી અન્ય યુવતી ગત 4 એપ્રિલના રોજ કોઇને કહ્યા વિના કશે જતા રહ્યા હતા. જેમના ગુમ થવાની ફરિયાદ સિટી પોલીસ મથકે નોંધાઇ હતી. ત્યારે ગુમશુદા વ્યક્તિને શોધવા વલસાડ સિટી પોલીસે હાથ ધરેલા અભિયાન અંતર્ગત તેમણે સંગીતાને પણ 15 દિવસ અંદર અમદાવાદથી શોધી કાઢી તેમનો પરિવાર સાથે મેળાપ કરાવ્યો હતો.

નવસારીમાં પારા સાથે ગરમી પણ 36.4 ડિગ્રીએ યથાવત

નવસારી : નવસારીમાં ગરમીના પારો 40 ડિગ્રી વટાવી જતા નવસારી ભઠ્ઠીમાં શેકાઈ રહ્યું હતું. જોકે હાલમાં છેલ્લા થોડા દિવસોથી ગરમીનો પારો વધ-ઘટ થઈ રહ્યો છે. જોકે આજે ગરમીનો પારો અને લઘુત્તમ તાપમાન યથાવત રહેતા ગરમી પણ યથાવત રહી હતી.

નવસારીમાં ગત ગત 2 દિવસથી ગરમીનો પારો 36 ડિગ્રી આસપાસ નોંધાઈ રહ્યો છે. જેથી ગરમીમાં પણ ઘટાડો રહેતા લોકોને ગરમીથી આંશિક રાહત મળી હતી. જોકે આજે ગરમીનો પારો અને લઘુત્તમ તાપમાન યથાવત રહ્યું હતું.

નવસારીમાં બુધવારે ગરમીનો પારો નહિવત ડિગ્રી ગગડીને 36.4 ડિગ્રી નોંધાયું છે. જ્યારે લઘુત્તમ તાપમાન 23.6 ડિગ્રીએ યથાવત રહ્યું છે. આજે સવારે વાતાવરણમાં 83 ટકા ભેજ જણાયો હતો. જે બપોરબાદ ઘટીને 52 ટકા રહ્યો હતો. જોકે દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશાએથી 2.3 કિ.મી. ની ઝડપે પવનો ફૂંકાયા હતા.

વલસાડના છરવાડા ગામે લગ્ન પ્રસંગમાં જૂની અદાવતમાં મારામારી

વલસાડ : વલસાડની છરવાડા ગામમાં લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયેલા માલવણ ગામના યુવાનને બે યુવાનોએ સળિયા વડે માર મારી ઘાયલ કર્યો હતો. આ ઝગડો જૂની અદાવતમાં થયો હોવાનું બહાર આવ્યું છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડ માલવણ ગામે રહેતો તરંગ નરેશભાઈ પટેલ (ઉ.વ.24)ના મિત્ર તેજસનો કેવલ જગદીશ પટેલ(રહે. દાંડી, વલસાડ) સાથે થયો હતો. જેની સાથે તરંગ હતો. જેની અદાવતમાં ગતરોજ તરંગ છરવાડા ગામે લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયો ત્યારે પાર્કિંગમાં કેવલ અને રીગલ જયંતીલાલ પટેલ(રહે. મોટી ભાગલ, વલસાડ)એ તેને પકડી તેને લોખંડના સળિયા વડે માર માર્યો હતો. જેના કારણે તરંગ ઘાયલ થઈ જતા તેને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવો પડ્યો હતો. આ ઘટના સંદર્ભે તરંગની ફરિયાદ લઈ પોલીસે કેવલ અન રીગલ વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ચીખલીમાં પાઇપ લાઇનની કામગીરી વેળા જેસીબી પલ્ટી ગયું

ધર્મેશ પટેલ

- ચીખલી અટગામ માર્ગ ઉપર તલાવચોરા નર્સરીની આગળ પાણી પુરવઠાની નવી પાઇપ લાઇનની કામગીરી કરતી હતી તે વેળા એક જેસીબી નં જીજે ૧૫-એસવી-૧૭૫૭ અચાનક પલ્ટી જતા જેસીબી મશીનમાં નુકશાન થયુ હતું. જોકે સમયસૂચકતા વાપરી જેસીબીનો ચાલક બહાર નીકળી જતા ચમત્કારી બચાવ થયો હતો. સાથે કામ કરતા અન્ય જેસીબી દ્વારા તેને ઉભું કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પરંતુ તેમાં સફળતા મળી ન હતી.

ઉમરગામની કંપની સાથે છેતરપિંડી કરનાર મેનેજરના જામીન નામંજૂર

સિનિયર મેનેજરે મળતીયાઓ સાથે મળી 8.14 કરોડ ટ્રાન્સફર કરી છેતરપિંડી કરી હતી

વલસાડ : વલસાડના ઉમરગામની એક કંપનીના સિનિયર મેનેજરે કંપની સાથે રૂપિયા 9.14 કરોડની છેતરપિંડી કરી હતી. આ કેસમાં તેની વિરૂદ્ધ ગુનો દાખલ થતાં પોલીસે તેમની ધરપકડ કરી હતી. ત્યારે જ્યુડિશ્યલ કસ્ટડી ભોગવતા મેનેજરે વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં જામીન માટે કરેલી અરજીની સૂનાવણીમાં ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ એમ.પી.પુરોહિતે આ જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, ઉમરગામ જીઆઇડીસીમાં કાર્યરત ઓઇલ અને લુબ્રિકન્ટ ઓઇલનું પ્રોડક્શન કરતી અપાર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના સિનિયર મેનેજર શક્તિ શિવકુમાર શુક્લાએ તેમના મળતીયા જયેશ છીબુભાઇ પટેલ સાથે મળી જુદી જુદી કંપનીના નામે સ્ટાર્ડ અને સ્પેશિફિકેશનના ખોટા સર્વિસ ઓર્ડર રાકેશ સુરેન્દ્ર પ્રસાદ યાદવ અને શિતલ નિલેશભાઇ પંચાલ પાસે બનાવડાવી કંપનીના એકાઉન્ટમાંથી મહાલક્ષ્મી એન્ટરપ્રાઇઝ, રેલીગંટ સર્ટિફીકેશન એન્ટરપ્રાઇઝ, પિતાંબરી સર્ટિફિકેશન કોર્પોરેશન, જિયા એન્ટરપ્રાઇઝ, પરફેક્ટ કન્સલ્ટન્સી સર્વિસીઝ અને વીઆઇપી એન્ટરપ્રાઇઝના એકાઉન્ટમાં ઓનલાઇન રૂપિયા 8.14 કરોડ ટ્રાન્સફર કરી કંપની સાથે છેતરપિંડી કરી હતી. આ કેસમાં તેના વિરૂદ્ધ કંપની દ્વારા પોલીસ ફરિયાદ થઇ હતી. જેના પગલે ઉમરગામ પોલીસે શક્તિ શુક્લાની ધરપકડ કરી હતી. ત્યારબાદ તેને જ્યુડિશ્યલ કસ્ટડીમાં મોકલી અપાયો હતો. ત્યાંથી જામીન પર મુક્ત થવા શક્તિએ વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં જામીન માટે કરેલી અરજી જજે નામંજૂર કરી છે.

સુડોકુ - 'કૂટ' ૪૯૯૪

૨	૯			૪	૮	૫	૬	૩
૮				૯		૧		
		૩			૨	૮	૯	૪
	૪			૩	૧			
૫				૨	૪		૭	૧
	૧			૫		૪		૨
૪		૫	૨					
	૭	૧	૪		૩	૨	૫	૬
૩			૯	૧		૭	૪	૮

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭	૨	૩	૫	૬	૧	૯	૮	૪
૬	૫	૮	૯	૭	૨	૧	૩	૩
૩	૧	૯	૪	૮	૩	૬	૭	૨
૮	૯	૪	૨	૩	૭	૫	૬	૧
૧	૬	૭	૩	૫	૬	૪	૨	૯
૨	૪	૨	૧	૯	૮	૭	૫	૬
૫	૭	૬	૮	૧	૯	૩	૪	૨
૪	૩	૧	૬	૨	૫	૮	૯	૭
૯	૮	૫	૭	૪	૩	૨	૧	૬

૧૭૭૧-૭૬૬૭ કૈંડ્રિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

કેસૂડાં - ગુલકંદ

ગુલ એટલે ફૂલ અને કંદ એટલે મીઠાઈ, પાક એવી અમારી નિર્દોષ સમજ છે. મૂળ ચુનાની પદ્ધતિ છે. ભારતમાં સર્વત્ર સ્વીકાર્ય છે.

ગુલાબ ઉપરાંત શીમળો, અરડૂસી, ગરમાળો, ધાવડી, મહુડો, કેસૂડાંનો ગુલકંદ બનાવી શકાય છે.

વલસાડના મરલામાં કચરો સળગાવતી વખતે સળગી જવાથી વૃદ્ધાનું મોત

કચરો સળગાવતી વખતે સળગી ગયાની ફરિયાદ, સમગ્ર ઘટના અંગે ઘુંટાતું રહસ્ય

વલસાડ : વલસાડના મરલા ગામે બે દિવસ અગાઉ ખેતરમાં કચરો સળગાવાની ઘટનામાં એક વૃદ્ધાનું પણ સળગી જવાથી મોત નિપજ્યું હતુ. આ ઘટના અંગે પોલીસે તપાસ કરતા વૃદ્ધા કચરો સળગાવા જતા પડી ગયા અને તેઓ સળગી જતાં તેમનું મોત નિપજ્યું હોવાની પ્રાથમિક ફરિયાદ લીધી હતી. જેની તપાસ બાદ આ ઘટના કુદરતી હોવાનું જ પોલીસે નોંધ્યું હતુ. મરલા ગામે ગામથાળા ફળિયામાં રહેતા નીરૂબેન બાગુલભાઈ પટેલ (ઉ.વ.65) ગત 22મીના રોજ ખેતરમાં ગયા અને ત્યાંથી પરત થયા ન હતા. જેને શોધવા જતા તેમના પુત્ર ઉમેશભાઈને તેમની લાશ સળગેલી હાલતમાં મળી આવી હતી. બાજુમાં કચરો સળગતો હતો. ત્યારે તેમણે પોલીસ મથકે તેની ફરિયાદ કરતા આ ઘટનામાં નીરૂબેન કચરો સળગાવા ગયા અને ત્યાં આકસ્મિક રીતે પડી જતાં તેઓ પણ સળી ગયા અને મોતને ભેંટ્યા હોવાનું પ્રાથમિક તારણ નિકળ્યું હતુ. આ બનાવ સંદર્ભે પોલીસે નોંધ કરી તપાસ હાથ ધરી હતી. જોકે, પોલીસ તપાસમાં નીરૂબેનનું મોત કુદરતી રીતે જ નિપજ્યું હોવાનું હાલ જણાઈ આવ્યું છે. જોકે, તેમના મોતનું રહસ્ય ઘુંટાઈ રહ્યું છે. તેઓ કઈ રીતે પડ્યા અને તેઓ આગમાંથી બહાર કેમ નિકળી ન શક્યા એવા સવાલો ઉઠી રહ્યા છે. હાલ પોલીસે બનાવ અંગે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વલસાડના ડૉ.યઝદી ઈટાલિયા પદ્મશ્રીથી સન્માનિત

વલસાડ : સમગ્ર ગુજરાત અને વલસાડ જિલ્લા માટે ગૌરવની ક્ષણ : વલસાડના રક્તદાન કેન્દ્રના ડૉ.યઝદી ઈટાલિયાને એમના સિકલસેલ ક્ષેત્રમાં અભૂતપૂર્વ કામગીરી બદલ રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મના હસ્તે અન્ય મહાનુભવોની સાથે પદ્મશ્રીથી વિભૂષિત કરવામાં આવ્યા હતા.!

આજનું પંચાંગ

તા. 25/04/2024, ગુરુવાર

વિક્રમ સંવત : 2080 **શાકે :** 1946
વીર સંવત : 2550 **માસ :** ચૈત્ર
તિથિ: વદ : એકમ: 06:47 પછી બીજ
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : વૈશાખ : 05
નક્ષત્ર : વિશાખા : 16:24
યોગ: વ્યતિપાત **કરણ :** તૈતિલ
રાશિ : તુલા (ર.ત.) 20:01 પછી વૃશ્ચિક (ન.ત્ય.)
દિવસ : અશુભ બુધ માર્ગી: 18:25 થી
સુરતમાં સૂર્યોદય : 06:14 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:54
નવકારસી : 07:02
પારસી વર્ષ : 1393, આદર માસનો 14 મો રોજ
મુસલમાન વર્ષ : 1445, શવ્વાલ માસનો 15 મો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરે 13:30 થી 15:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ.લ.ઇ.): પાર્ટનરો સાથે મિટીંગનું પરિણામ હકારાત્મક મળે. સામાજીક પ્રવૃત્તિથી માન વધે.

વૃષભ (બ.વ.ઉ.): શત્રુઓથી અશાંતિ વધશે. નોકરીમાં નવી જવાબદારી આવે. ખર્ચા વધશે.

મિથુન (ક.છ.ઘ.): આકવમાં વધારો થાય મોજ-શોખ, હીરા ઝવેરાતના ધંધામાં લાભ થાય. મિત્રોનો સાથ મળે.

કર્ક (ડ.હ.): બહારના કામમાં મદદ મળે. વડીલો સાથે મકાન બાબતે વિચાર-વિમર્શનું પરિણામ મળે.

સિંહ (મ.ટ.): દલાલીના કામમાં અનુકૂળતા થાય. બીજાને મદદરૂપ બનશો. અટકેલાં કામ પાર પડશે.

કન્યા (પ.ઠ.ણ.): ખાણી-પીણીના ધંધામાં આર્થિક પ્રગતિ થાય. ઉઘરાણી આવે.ઘરમાં તાલમેળ વધશે.

તુલા (ર.ત.): કાલ્પનિક અને ક્રીએટીવ બનશો નોકરીમાં પ્રમોશન કે પગારવધારો થાય નવી તક મળે.

વૃશ્ચિક (ન.ય.): ધાર્મિક પ્રસંગમાં ભાગ લેવાનું બને સામાજીક પ્રવૃત્તિથી શાંતિ મળે.

ધન (ભ.ધ.ફ.ઢ.): મિત્રો સાથે મનોરંજન થાય. ઉમરલાયકના વિવાહ થાય. પ્રેમમાં સફળતા મળે.

મકર (ખ.જ.): નોકરી -ધંધા માટે નવી યોજના પાર પડે. આકવામાં વધારો થાય. સરકારી કામ થાય.

કુંભ (ગ.સ.શ.ષ.): વિદેશ પ્રવાસ આયાત-નિકાસ ઉચ્ચ શિક્ષણમાં અનુકૂળતા વધશે.

મીન (દ.ચ.ઝ.થ.): સરકારી યોજનાનો લાભ મળે. વિમા-એજન્સીનાં કામ પાર પડશે.

કોઇ પણ સાલમાં 25 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં પ્રમોશન સાથે નવી જવાબદારી અને દોડધામ તથા કાર્ય બોજ વધશે. નવી ટેકનોલોજી અને નવા નિયમો પ્રમાણે કામ કરવું પડશે. વડીલો સાથે ઘર્ષણ થાય સંતાનોના કામની ચિંતા સતાવે. સમાજમાં તાલમેળ રાખવો પડે. ઉમર લાયકના વિવાહની વાતમાં વિઘ્નો આવે છતાં પણ સરકારી કામ, કોર્ટ કચેરીમાં વિઘ્નો આવે. વિદેશ પ્રવાસ, વિદ્યાભ્યાસ અને આયાત-નિકાસમાં તક મળે. વર્ષની શરૂઆતમાં નવા ઘર, વાહન, મકાનના કામ થાય. વારસામાં વિઘ્નો આવે. મિત્રોની મદદ સંતાનોના કામમાં મળે. યાત્રા પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળે.જૂન-જુલાઈમાં નવી તકથી લાભ થાય. ઓગસ્ટ સપ્ટેમ્બરમાં અશાંતિ જનક ઘટના ઘટશે.

શબ્દગુંફન - ૬૬૪૮

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. જેની આરપાર દેખાય એવું (૫)
૪. આરંભ, શરૂઆત (૪)
૬. બાતમી, પગેરું (૩)
૭. આલાપ, ધૂન (૨)
૯. હશે, છોને (૨)
૧૦. હોડી (૨)
૧૨. અનાથ બાળક (૩)
૧૩. ઝાડ કે ફળની અંદરનો ગર્ભ (૨)
૧૪. પોતાનું (૨)
૧૫. આદર, સન્માન (૨)
૧૬. શિક્ષણ, કેળવણી (૩)
૧૮. પાર્વતી (૨)
૨૧. લોહી (૨)
૨૨. આતુરતા, ચટપટી (૪)
૨૩. ડહાપણ (૪)
૨૫. મસ્તી,ધૂન (૨)
૨૭. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
૩૦. મહેક, ખુશબો (૪)
૩૨. ક્રોધનો આવેશ (૨)
૩૩. નકામું, બાદ કરેલું (૨)

ઊભી ચાવી
૧. લાયકાત (૩)
૨. રહેમ, કૃપા (૨)
૩. ખામી, ઘટ, ખોટ (૩)
૪. ખેડયાવિનાનું (૪)
૫. રેતીનું મેદાન (૨)
૮. આંખ (૩)
૯. હેત, લાગણી (૩)
૧૧. હાથી (૨)
૧૩. મનનું વલણ (૨)
૧૪. દૂર કરવું તે, ફેંસલો (૪)
૧૫. માન્ય હોવું તે (૩)
૧૭. ગરક, તલ્લીન (૨)
૧૯. નમ્રતાથી રજૂ કરવું તે (૪)
૨૦. વાણી, બોલી (૨)
૨૩. ભપકો, દેખાવ (૨)
૨૪. ઉત્તમ, શુદ્ધ (૩)
૨૫. ગાયનના ઠોકનું માપ (૨)
૨૬. કિનારો, તીર (૨)
૨૭. આનંદ, લહેર (૨)
૨૮. દમયંતિનો પતિ (૨)
૨૯. ઠંડું (૨)
૩૦. દરજ્જો, ઉપાધિ (૨)
૩૧. ફરિયાદ, રાજા (૨)



૧૯૩૬ - ૧૬૬૭ મ્ફ્રિ૮૩૦૮

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને હાલની આ વેચાણ અંગેની જાહેર નોટીસથી જણાવવાનું કે, જિલ્લા નવસારીના તાલુકા ગણદેવીના મોજે વેગામ ગામમાં આવેલ ખેતીની જમીન જેનો નવો બ્લોક/સર્વે નંબર-૭૧૬ જેનું ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. ૦-૦૮-૧૧ વાળી જમીનના માલિક/કબજેદાર (૧) મહેશભાઈ ડાહ્યાભાઈ પટેલ, (૨) રાજેશભાઈ ડાહ્યાભાઈ પટેલના સંયુક્ત નામે અને જિલ્લા-નવસારીના તાલુકા-ગણદેવીના મોજે: વેગામ ગામમાં આવેલ ખેતીની જમીન જેનો નવો બ્લોક/સર્વે નંબર-૭૧૪ જેનું ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. ૦-૨૪-૩૨ વાળી જમીનના માલિક/કબજેદાર ચિરાગ કશનજી પટેલના સ્વતંત્ર નામે રેકર્ડ દફતરે માલિકી કબ્જા ભોગવટા હેઠળ ચાલી આવેલ હોવાનું તથા ટાઈટલ ક્લીયર હોવાનું જણાવી હમારા અસીલને સદર જમીનની કીમતી અવેજ બદલ વેચાણથી આપવાનું નક્કી કરેલ છે.

ઉપરોક્ત જમીન બાબતે કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે ઈસમોનો કબજો-ભોગવટો, કાયદેસરના હકક-હક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, ઈઝમેન્ટ કે તે મતલબના સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરોખત વિગેરે પ્રકારના કોઈ લખાણો હોય તો તે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજૂઆતો હમારા અસીલ તરફે અને વતી હમોને કરવી જો તેમ કરવામાં કસૂર થશે તો મુદત વિત્યે સદરહું ખેડખાતાની જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના કોઈ લખાણો/હકકો નથી અને હોય તો તે જતા કર્યા છે, એટલે કે "વેઈવ" કર્યા છે તેમ માની ઉપરોક્ત જમીનના માલિક હમારા અસીલને રજી. વેચાણ દસ્તાવેજ કરી આપશે, અને તે અંગે ભવિષ્યમાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા-હરકત હમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં, જેની સ્પષ્ટ કાયદેસરની નોંધ લેવા વિનંતી.

હમારા અસીલની સુચનાથી

તા. ૨૪-૦૪-૨૦૨૪ **રાજુ સી. પટેલ** (એડવોકેટ)

૬, સીતારામ નગર, પંચવટી નગરની નજીક, છાપરારોડ, છાપરા, તા.જી.નવસારી-૩૯૬૪૪૫. મો.: 98257 04381

હાર્દિક શ્રધ્ધાંજલિ

સ્વ.મોહનભાઇ રણછોડભાઈ પટેલ
અવસાન
તા.૧૪/૦૪/૨૦૨૪
એમ.એમ.પટેલ હાઈસ્કૂલ, અસનાડ.
પ્રમુખશ્રી, સ્થાનિક કેળવણી મંડળ, અસનાડ.

શિક્ષણના યજ્ઞ થકી હજારોના જીવનમાં જ્ઞાનરૂપી દીપ પ્રગટાવી માનવતાને મહેંકાવી ગયા. સેવા, સંઘર્ષ અને સમર્પણના સિદ્ધાંતો થકી પ્રેરણાદાયી જીવન જીવી ગયા. આપનો સંસ્થા પ્રત્યેનો સમર્પિત ભાવ અને ઉમદા કાર્યો થકી આપ હરહંમેશ સ્મરણમાં રહેશો. આપના દિવ્ય આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે એ જ શાળા પરિવારની અભ્યર્થના..

સ્વ.સંજયભાઈ જેરામભાઈ પટેલ
અવસાન
તા.૨૨/૦૪/૨૦૨૪
મોર હાઈસ્કૂલ મોર.
પ્રમુખશ્રી, સ્થાનિક કેળવણી મંડળ, મોર.

લિ.
મંત્રીશ્રી,
વ્યવસ્થાપક સમિતિના સભ્યો,
આચાર્યશ્રી,
સ્ટાફ તથા શાળા પરિવાર,
સ્થાનિક કેળવણી મંડળ, અસનાડ

લિ.
મંત્રીશ્રી,
વ્યવસ્થાપક સમિતિના સભ્યો,
આચાર્યશ્રી,
સ્ટાફ તથા શાળા પરિવાર,
સ